પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૮ | ૧૦ ડિસેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; માગશર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સુખદ અંત : ખેડૂત આંદોલનનો ૩૭૮ દિવસે અંત

## કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતોએ આંદોલન કર્યું હતું : દિલ્હીની સરહદો પર ધરણા કરી રહેલા ખેડૂતો ૧૧ ડિસેમ્બરે વિજય યાત્રા કર્યા બાદ પોતાના ઘરે પરત ફરી જશે : ખેડૂતો સુવર્ણ મંદિર જશે

નવી દિલ્હી , તા.૯

કૃષિ કાયદાના વિરોધમાં એક વર્ષથી પણ વધુ સમયથી ધરણા પર બેઠેલા ખેડૂતોએ આખરે પોતાના આંદોલનને સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે લેખિતમાં ખેડૂતોની તમામ માગણી માની લેતા તેમજ સંસદમાં કાર્યવાહી કરીને કાયદા પણ પરત ખેંચી લેતા આ આંદોલનનો અંત આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, નવેમ્બર ૨૦૨૦માં આ આંદોલનનો પ્રારંભ થયો હતો. બંને પક્ષો વચ્ચે અનેકવાર વાતચીત થઈ હતી, જે નિષ્ફળ રહી હતી. આ આંદોલન ૩૭૮ દિવસ ચાલ્યા બાદ આજે પૂરું થયું છે.

દિલ્હીની સરહદો પર ધરણા કરી રહેલા ખેડૂતો ૧૧ ડિસેમ્બરે વિજય યાત્રા કર્યા બાદ પોતાના ઘરે પરત ફરી જશે. આંદોલનકારી ખેડૂતો સુવર્ણમંદિર જશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે. સંયુક્ત કિસાન મોરચાના નેતાઓના જણાવ્યા અનુસાર, આંદોલનની સમાપ્તી બાદ પણ ૧૫ જાન્યુઆરીના રોજ તેઓ એક રિવ્યૂ મિટિંગ કરીને સરકારે આપેલા વાયદા પર કેટલું કામ થયું તેની સમીક્ષા કરશે. આંદોલન ખતમ કરવાનો નિર્ણય આજે મળેલી ખેડૂતોના યુનિયનની એક બેઠકમાં લેવામાં આવ્યો હતો. સરકારે ટેકાના ભાવ અંગે એક સમિતિ બનાવવા તેમજ ખેડૂતો વિરુદ્ધ થયેલા તમામ કેસ તાત્કાલિક પરત ખેંચવાનું આશ્વાસન આપતા આંદોલનની પૂર્ણાહૂતિ જાહેર કરાઈ હતી.

કેન્દ્ર સરકારના કૃષિ સચિવે પોતાના લેટરપેડ પર ખેડૂતોને આ અંગે ખાતરી આપી હતી. આ ઉપરાંત, યુપી અને હરિયાણાની સરકાર આંદોલન દરમિયાન મોતને ભેટેલા ખેડૂતોને વળતર ચૂકવશે તેવી ખાતરી પણ સરકાર દ્વારા અપાઈ છે.

ખેડૂત નેતાએ આંદોલનની પૂર્ણાહૂતિની જાહેરાત કરતા તેને કારણે લોકોને પડેલી તકલીફો બદલ ક્ષમા પણ માગી હતી. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે સંસદમાં ત્રણ કૃષિ કાયદા પસાર કર્યા હતા, જેની સામે ખેડૂતોને સખ્ત વાંધો હતો. આ જ મામલે એનડીએના સાથી પક્ષ રહેલા અકાલી દળે સરકાર સાથે છેડો પણ ફાડી નાખ્યો હતો.

કડકડતી ઠંડી, વરસાદ અને કોરોના કાળમાં પણ આંદોલનકારીઓ હટ્યા નહોતા. આ આંદોલન દરમિયાન દિલ્હીમાં પ્રજાસત્તાક દિને હિંસા પણ ફાટી નીકળી હતી. આ ઉપરાંત, યુપીના લખીમપુર ખીરીમાં મંત્રીના દીકરાએ આંદોલનકારીઓ પર ૦૩ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ પોતાની ગાડી ચઢાવી દેતા ચાર ખેડૂતો અને એક પત્રકારનાં મોત થયા હતા. આ ઘટના બાદ ફાટી નીકળેલી હિંસામાં ત્રણ લોકોનું ટોળાં દ્વારા લિન્ચિંગ કરવામાં આવ્યું હતું. તેનો વિડીયો પણ વાયરલ થયા બાદ સરકાર બેકફુટ પર આવી ગઈ હતી.



## હેલિકોપ્ટર ક્રેશની તપાસ એર માર્શલ માનવેન્દ્રસિંહ કરશે

તામિલનાડુમાં થયેલા હેલિકોપ્ટર ક્રેશની દુર્ઘટનાની તપાસ એર માર્શલ માનવેન્દ્રસિંહની અધ્યક્ષતામાં કરવામાં આવશે અને આ તપાસમાં સેનાની



ત્રણે પાંખના અધિકારીઓ પણ સામેલ હશે. એર માર્શલ માનવેન્દ્રસિંહ હાલમાં એરફોર્સના ટ્રેનિંગ કમાન્ડના ચીફ છે.સાથે સાથે તેઓ પોતે પણ હેલિકોપ્ટર પાયલોટ છે. સંસદમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ અંગેની જાણકારી આપી હતી.તેમણે કહ્યુ હતુ કે, એમઆઈ-૧૭ હેલિકોપ્ટરો ગઈકાલે સવારે ૧૧-૪૮ કલાકે સુલુર એરબેઝ પરથી ઉડાન ભરી હતી અને તે ૧૨-૧૫ વાગ્યે આર્મીની વેલિંગ્ટન કોલેજ ખાતે ઉતરવાનુ હતુ પણ સુલુર એરબેઝના ટ્રાફિક કંટ્રોલ સાથે તેનો ૧૨-૦૮ વાગ્યે સંપર્ક તુટી ગયો હતો.એ પછી સ્થાનિક લોકોએ આગના ભડકા જંગલોમાં જોયા હતા અને ત્યાં દોડી ગયા હતા.

## ફ્લાઈટ ડેટા રેકોર્ડર-કોકપિટ વોઈસ રેકોર્ડર મળ્યા : રાજનાથ

તમિલનાડુમાં ૦૮ ડિસેમ્બરના રોજ ક્રેશ થયેલા મિલિટરી હેલિકોપ્ટરમાં લશ્કરની ત્રણેય પાંખના ટોચના અધિકારી જનરલ બિપિન રાવત સહિત ૧૩ લોકોના મોત મામલે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘે આજે સંસદને માહિતી આપી હતી. આ દુર્ઘટના કેવી સ્થિતિમાં થઈ તેમજ તેમાં મોતને ભેટેલા લોકો અને જીવતા બચી ગયેલા એકમાત્ર



અધિકારીની હાલની સ્થિતિ અંગે સંરક્ષણ મંત્રીએ સંસદને જણાવ્યું હતું. સંરક્ષણ પ્રધાને પોતાની વાત પૂરી કરી ત્યારબાદ લોકસભાના સ્પીકર ઓમ બિરલા દ્વારા પણ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા ઉપરાંત ઘાયલ અધિકારી ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સંસદે મૃતકોના માનમાં મૌન પણ પાળ્યું હતું.

● અનુસંધાન પાના - ૭ પર


## સીડીએસ તરીકે લશ્કરી વડા નરવણેનું નામ સૌથી આગળ

ભારતના પહેલા ચીફ ઓફ ડિફન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતના હેલિકોપ્ટર ક્રેશમાં થયેલા નિધન બાદ હવે તેમના ઉત્તરાધિકારી તરીકે કોની નિમણૂંક થશે તેના પર અટકળો શરુ થઈ છે.



પીએમ મોદીના નેતૃત્વમાં ગઈકાલે કેબિનેટ કમિટિ ઓફ સિક્યુરિટીની એક મહત્વની બેઠક મળી હતી.જેમાં નવા સીડીએસના નામ પર ચર્ચા થઈ હતી.કારણકે ચીન સાથે ચાલી રહેલા ટકરાવ વચ્ચે આ મહત્વનુ પદ લાંબા સમય સુધી ખાલી રાખી શકાય તેમ નથી. સત્તાવાર રીતે તો કોના નામની ચર્ચા થઈ તે સામે નથી આવ્યુ પણ એવુ મનાઈ રહ્યુ છે કે, જે વરિષ્ઠ અધિકારીઓના નામની ચર્ચા થઈ છે તેમાં આર્મી ચીફ એમ એમ નરવણેનુ નામ સૌથી ઉપર છે.

## પ્રાર્થનાંજલિ



**સ્વ. કનૈયાલાલ રતિલાલ પંચોલી**

**મહાપ્રયાણ : તા. ૦૮-૧૨-૨૦૨૧**

न जायते म्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૦ ॥

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી, ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરે હણવાથી તે હણાતો નથી

॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૦ ॥

| ચિરશાંતિ માટે પરમ તત્વને પ્રાર્થના |

**કૃષ્ણકાન્ત જહા**
તથા
**ગાંધીનગર સમાચાર**

metro
BRANDS

GLOBAL BRANDS. NATIONAL FOOTPRINT.



66 YEARS OF METRO
One of India's largest footwear speciality retailers**

598 stores across 136 cities*
Operated stores with a total retail business area of 7,34,217 sq. ft.

Omnichannel presence

3rd largest in number of exclusive retail outlets in India in fiscal 2021**

www.metrobrands.com

METRO SHOES | MOCHI SHOES & ACCESSORIES | crocs | WALKWAY Footwear & Accessories

*As of September 30, 2021. **(Source: CRISIL Report)

**Metro Brands Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on December 03, 2021 and thereafter with SEBI and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Ambit Private Limited, DAM Capital Advisors Limited (Formerly IDFC Securities Limited), Equirus Capital Private Limited, ICICI Securities Limited and Motilal Oswal Investment Advisors Limited at www.axiscapital.co.in, www.ambit.co, www.damcapital.in, www.equirus.com, www.icicisecurities.com and www.motilaloswalgroup.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled *"Risk Factors"* on page 29 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"Securities Act"**) or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act, "Rule 144A") in transactions exempt from, or not subject to, registration requirements of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and pursuant to the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.